પોષણ અભિયાન: ૨૦૨૦-૨૨ હેઠળ
પોષણ ત્રિવેણીને પ્રોત્સાહિત પુરસ્કાર બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૬૯૬/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૮-૧૦-૨૦૨૦

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૧/૦૨/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૧૯-૩૮૦૦૦-બ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૭/૦૬/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૨૦-૯૩-બ

આમુખ:

ગુજરાત રાજ્યમાં તમામ બાળકો સુપોષિત બને અને માતા તંદુરસ્ત બને તે માટે રાજ્યને કટીબધ્ધ થવા માન.મુખ્યમંત્રીશ્રીએ નવા વર્ષે આહ્વાન કરેલ છે. ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૦૨૨ દરમ્યાન મહિલા અને બાળ વિકાસ વિભાગ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ સરકારશ્રીના વિવિધ વિભાગોએ સુપોષિત ગુજરાતના સંકલ્પને સાકાર કરવા કમર કસી છે.

૦ થી ૬ વર્ષના બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણ સ્તરમાં સુધાર લાવવા માટે આઇ.સી.ડી.એસ. અને આરોગ્ય વિભાગના ક્ષેત્રીય કર્મીઓની ભૂમિકા ખૂબ જ મહત્વની છે. ક્ષેત્રીય કર્મીઓના અથાગ પ્રયત્નો, સુઝબૂઝ, વિગેરેને સાચી દિશા મળે, સરાહના મળે તો ધાર્યું પરિણામ મેળવી શકાય.

વંચાણે લીધેલ (૧) થી "મુખ્યમંત્રી સુપોષિત ગુજરાત નિધી" માટે બેંક ઓફ બરોડામાં એક સેવિંગ બેંક એકાઉન્ટ, ખોલવાની મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૨) થી પોષણ ત્રિવેણી પ્રોત્સાહક પુરસ્કાર માટે રૂ. ૭૫૦.૦૦ લાખની જોગવાઇ માટે નવી બાબત ૨૦૨૦-૨૧ તરીકે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ માં અલ્પપોષિત બાળકો માટે ખાસ રણનીતિ ઘડવામાં આવી છે. તદઅન્વયે જે ક્ષેત્રીય કર્મીઓ સારી કામગીરી કરી તેઓની આંગણવાડીના લાભાર્થીઓને પોષણની ખામીમાંથી બહાર લાવે, તેને સરાહનારૂપે વર્ષને અંતે રોકડ પુરસ્કારથી પ્રોત્સાહિત કરવા માન.મુખ્યમંત્રીશ્રીએ સુચના આપી છે. તે સંદર્ભમાં માન. રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણની અધ્યક્ષતામાં અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસની તા.૦૧/૦૧/૨૦૨૦ અને તા.૦૩/૦૧/૨૦૨૦ ના રોજ યોજાયેલ બેઠકમાં

થયેલ ચર્ચા-વિચારણા મુજબ આ અંગે ક્ષેત્રીય કર્મીઓમાં ગ્રામ્ય કક્ષાએ (૧) આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર, (૨) આશા અને (3) એ.એન.એમ. (AAA)ની ભૂમિકા અતિ મહત્વની છે. આથી રોકડ પુરસ્કારથી પ્રોત્સાહિત કરવા અંગેની સુચનાઓ બહાર પાડવાની બાબત વિચારણામાં હતી. તદ્દઅન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

ક્ષેત્રીય કર્મીઓની ગ્રામ્ય કક્ષાની (૧) આંગણવાડી કાર્યકર, આંગણવાડી તેડાગર, (૨) આશા અને (3) એ.એન.એમ. ની ટીમ – "પોષણ ત્રિવેણી" તરીકે ઓળખાશે. પોષણ ત્રિવેણી (AAA) ટીમ તરીકે તેઓ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન કામગીરી કરી જે તે આંગણવાડીના લાભાર્થીઓના પોષણ અને આરોગ્ય સ્તરમાં સુધાર માટે શ્રેષ્ઠ કામગીરી કરવાની રહેશે અને જે ટીમ દ્વારા નિયત કરેલ લક્ષ્યાંક મુજબની સિદ્ધિ હાંસલ કરવામાં આવશે તે ટીમને પ્રોત્સાહિત કરવામાં આવશે.

૧. ગુજરાત પોષણ અભિયાન: ૨૦૨૦-૨૨ હેઠળ નિયત કરેલ લક્ષ્યાંક:

ગુજરાત પોષણ અભિયાન: ૨૦૨૦-૨૨ માટે નિયત કરેલ લક્ષ્યાંક નીચે મુજબ રહેશે:

(૧) આંગણવાડીના તમામ ઓછા વજનવાળા બાળકોને સામાન્ય વજનમાં લાવવા

(૨) Severely Acute Malnourished (SAM) બાળકો મુક્ત આંગણવાડી બનાવવી

(3) Moderately Acute malnourished (MAM) બાળકો મુક્ત આંગણવાડી બનાવવી

(૪) કિશોરીઓમાં એનીમિયાનાં પ્રમાણમાં વાર્ષિક ૬% નો ઘટાડો લાવવો

(૫) અતિ ગંભીર એનીમિક સગર્ભાઓનું પ્રમાણ "શુન્ય" કરવું

(૬) જન્મ સમયે ઓછા વજનવાળા બાળકોનાં પ્રમાણમાં વાર્ષિક 3% નો ઘટાડો લાવવો

ઉપરોક્ત નક્કી કરેલ લક્ષ્યાંકના આધારે ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ હેઠળ આરોગ્ય વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સંયુક્ત માપદંડો/માનાંકો નક્કી કરવાના રહેશે. આ નક્કી કરેલ માનાંકો મુજબ સિદ્ધિ પ્રાપ્ત કરે તેવી પોષણ ત્રિવેણી ટીમને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ પ્રોત્સાહક રકમ એ.એન.એમ. અને આશા વર્કરને તેમના કાર્ય વિસ્તારમાં સમાવિષ્ટ આંગણવાડી કેન્દ્રોના ઉપલક્ષ્યમાં હાંસલ સિદ્ધિને ધ્યાને લઇ આપવામાં આવશે, તથા આંગણવાડી કાર્યકર તેમજ તેડાગર માટે આંગણવાડીમાં થયેલ કામગીરી ધ્યાને લેવામાં આવશે.

મહિલા અને બાળ વિકાસ વિભાગની આઇ.સી.ડી.એસ. યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકરને વાર્ષિક મહત્તમ રૂ.૧૨,000 અને આંગણવાડી તેડાગરને વાર્ષિક મહત્તમ રૂ.૬,000/- આપવામાં આવશે.

જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા આશાને વાર્ષિક મહત્તમ રૂ.૧૨૦૦૦ અને એ.એન.એમને વાર્ષિક મહત્તમ રૂ. ૧૨૦૦૦ આપવામાં આવશે.

પ્રોત્સાહક રકમ ચુકવવા માટે માન.મુખ્યમંત્રીશ્રીની સુચન મુજબ CSR અંતર્ગત "મુખ્ય મંત્રી સુપોષિત ગુજરાત નિધી"નું ભંડોળ ઉભુ કરવામાં આવેલ છે. આ નિધી હેઠળ જમા થનાર રકમ પોષણ ત્રિવેણીને પોત્સાહિત કરવામાં ઉપયોગમાં લેવામાં આવશે. જ્યાં સુધી "મુખ્ય મંત્રી સુપોષિત ગુજરાત નિધી"માં પર્યાપ્ત ભંડોળ એકત્રીત થાય ત્યાં સુધી બન્ને વિભાગ તેઓના કાર્યકર/કર્મચારી ને ચુકવવાની રકમ માટે વર્ષ ૨૦૨૦-૨૦૨૧ની બજેટ જોગવાઇ માંથી ખર્ચ કરવાનો રહેશે..

વર્ષના અંતે પોષણ ત્રિવેણીની ટીમ દ્વારા તેઓના કાર્યક્ષેત્રમાં આવતી આંગણવાડીમાં ઉપરોક્ત લક્ષ્યાંક પુર્ણ કર્યાથી જે તે આંગણવાડીનું થર્ડ પાર્ટી મુલ્યાંકન કરવામાં આવશે અને તેનો અહેવાલ પર વિચારણા કરી પોષણ ત્રિવેણીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

ઉપરોક્ત વિગતના આધારે બન્ને વિભાગે સંયુક્ત રીતે નક્કી કરેલ માનાંકો, માનાંકો મુજબની કામગીરી, તેની સમીક્ષા માટેની વિવિધ સ્તરની સમિતીઓ અને જિલ્લા તાલુકા સ્તરના અધિકારી/કર્મચારીની ભુમિકા થર્ડ પાર્ટી મુલ્યાંકન, પ્રોત્સાહક રકમની ગણતરી વગેરેની સ્પષ્ટતા કરતો વિગતવાર પરિપત્ર અલગથી બાહાર પાડવમાં આવશે. તે તમામને બંધનકર્તા રહેશે.

આ ઠરાવ મહિલા અને બાળ વિકાસ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની ૨૯/૨/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજયપાલનાં હુકમથી અને તેમના નામે

સચિવ
મહિલા અને બાળ વિકાસ
ગાંધીનગર

અગ્ર સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ
ગાંધીનગર

**પ્રતિ,**

માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ ઉપરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. નાયબ મુખ્યમંત્રીશ્રી અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. રા.કા મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. રા.કા મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણના ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. અગ્ર સચિવશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
નિયામકશ્રી (ICDS) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
તમામ મ્યુનીસીપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા
તમામ જિલ્લા કલેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય,
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય,
તમામ વિભાગ નાયબ નિયામકશ્રી (આરોગ્ય)
તમામ વિભાગ નાયબ નિયામકશ્રી (ICDS)
તમામ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય
તમામ જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય
એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર
નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી ગાંધીનગર
તીજોરી અધિકારીશ્રી, તીજોરી અધિકારીશ્રીની કચેરી જીલ્લા પંચાયત તમામ
સીસ્ટમ મેનેજર- વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
સીલેક્ટ ફાઇલ